જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૫/૨૦૧૬ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૦૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૧૦૯ લીટર દેશી દારૂ, ૨૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૬૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિઓને ઝડપી જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૦૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની કોશિશની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૯૦૬/૧૬**

**એલીસબ્રીજઃ** વિશાલ કિરીટભાઈ ભાવસાર (ઉ.વ.૩૦) (રહે.કેસર એપાર્ટમેન્ટ સુખ સાગરની સામે નારણપુરા) એ એચ.સી.જી. હોસ્પીટલ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૫/૧૬ રાતનાં ૧૦/૩૦ થી રાતના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન બનાસ પાન પાર્લર પાસે પ્રેસીડેન્ટ હાઉસ પાસે સી.એન.વિદ્યાલય નજીક આરોપી (૧) દેવેન્દ્ર ઘનશ્યામભાઈ સોની (૨) વિકાસ પંજાબી અને (૩) અલ્પેશભાઈ શાહ (ત્રણેય રહે. આદીનાથનગર ઓઢવ) (જુના મિત્રો) એ ભેગા મળી વિશાલ ભાવસાર પાસે રૂપિયા ૪,૦૦,૦૦૦/- માંગણી કરતા વિશાલ ભાવસારે પૈસા આપવાની ના પાડતા ત્રણેય આરોપીએ બોલાચાલી ઝગડો કરી ચપ્પુ વડે વિશાલ ભાવસારના કમરની ડાબી બાજુ ઘા મારી જીવલેણ હુમલો કરી જાનથી મારી નાખવાની કોશિશ કરી, સોનાની ચેઈનની લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી ડી વસાવા ચલાવે છે.

**સૃષ્ટી વિરૂધ્ધનુ કૃત્ય કરી દુષ્પ્રેરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૯૦૭/૧૬**

**રાણીપઃ** રાણીપ વિસ્તારમાં રહેતી ૨૬ વર્ષની પરણીતાના પિતાએ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાની પુત્રીએ તેના પતિ અને સાસરીયાના શારીરીક અને માનસીક ત્રાસના કારણે તેમજ તેના પતિએ સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્ય કરી દુષ્પ્રેરણ કરતા તા.૧૩/૫/૧૬ નારોજ રાણીપ ખાતે સાસરીમાં પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી બી પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**બળજબરીથી પૈસા/સોનાના દાગીના કઢાવી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૯૦૮/૧૬**

એલીસબ્રીજઃ માલવ અતુલભાઈ શેખ (ઉ.વ.૩૪) (રહે.સ્થાપત્ય એપાર્ટમેન્ટ પુષ્પકુંજ સોસાયટી કાંકરીયા મણીનગર) તા.૧૪/૫/૧૬ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે ધરણીધરથી માણેકબાગ બ્રીજ ઉતરતા ભુદરપુરા સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા નજીકથી કાર ચલાવી લઈ પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ માલવ શેખની ગાડી ઉભી રખાવી કહેવા લાગ્યા હતા કે તમારી ગાડીથી એક્સીડન્ટ થયેલ છે ચલો એક્સીડન્ટ વાળી જગ્યાએ તેમ કહી માલવ શેખની ગાડીમાં એક પુરૂષ બેસી ગયો હતો. ત્યારબાદ રસ્તામાં આ પુરૂષે પતાવટ પેટે માલવ શેખ પાસે પૈસાની માંગણી કરી હતી. જેથી માલવ શેખે એટીએમ માંથી કાઢી રૂપિયા ૧૦,૦૦૦/- આપ્યા હતા. પરંતુ વધુ પૈસાની માંગણી કરી ધમકી આપી માલવ શેખની પહેરેલ સોનાની ચેઈન, સોનાની લક્કી, સોનાની વિંટી કિમત રૂપિયા ૮૬,૦૦૦/- મતા બળજબરીથી કઢાવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ માલવ શેખે એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી ડી વસાવા ચલાવે છે.

**લુંટની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૯૦૯/૧૬**

**વટવાઃ** મોહનભાઈ અભાભાઈ રબારી (ઉ.વ.૫૦) (રહે.ખોડીયારનગર ઉમિયામાતાના મંદિરની બાજુમાં શ્રીજી કોર્નરની અંદર વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૫/૧૬ રાતનાં ૧૦/૦૦ થી તા.૮/૫/૧૬ કલાક ૩/૦૦ વાગ્યા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ઘરના વરંડામાં આવી મોહનભાઈના કાનમાંથી સોનાની વાળી કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ સી ઝાલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૧૦/૧૬**

**સરખેજઃ** જગદીશભાઈ ગાંડાભાઈ તીરગઢ (રહે.વાડા વિસ્તાર સાર્વજનિક સ્કૂલ પાછળ ચશ્માના કારખાનાની બાજુમાં સરખેજગામ) એ કોઈ કારણસર તા.૧૩/૫/૧૬ રાતના ૧૧/૩૦ થી તા.૧૪/૫/૧૬ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતની લોખંડની પાઈપ સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કાંતીભાઈ મેરાભાઈ ચલાવે છે.

**બાપુનગરઃ** કેસકેન જસ્ટીનભાઈ મહીડા (ઉ.વ.૩૬) (રહે.એમન્યુ એલ ઓ બેથલ ચર્ચની સામે બાપુનગર) એ કોઈ કારણસર તા.૧૩/૫/૧૬ કલાક ૧૦/૦૦ વાગે પોતાના ઘરે બેગોન સ્પ્રે પી લીધુ હતુ. સારવાર માટે શારદાબહેન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૪/૫/૧૬ કલાક ૦૦/૧૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિલીપસિહ અભેસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)